ખરાબ કંઇ જ નથી જો સારૂં જ જોવાની તમારી તૈયારી હોય તો
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦૨ | ૨૨ જૂન, ૨૦૧૩, શનિવાર; જયેષ્ઠ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં અપાતા પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ

## મીના બજાર વિસ્તારમાં ૮ નમુના નાપાસ થયા, બોરમાં અપાતા પાણીના પુરવઠામાં ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થો : ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતા વધારવાના પ્રયાસો : કલોરીનેશન વધારવા જણાવાયુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં અપાતા પેયજળની ગુણવત્તા સામે વધુ એક વખત ગંભીર પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે. ગઈ કાલે ગાંધીનગરની મધ્યમાં આવેલ જુના સચિવાલય સંકુલની બાજુમાં મીના બજાર વિસ્તારમાં થયેલા ઝાડા ઉલ્ટીના બનાવો બાદ આજે કરાયેલ કલોરીનેશન ટેસ્ટમાં ૮ જેટલા નમુના નાપાસ જાહેર કરાયા હતા. તંત્ર એ કલોરીનેશન માટે જરુરી સૂચનાઓ પણ આપી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં ભૂગર્ભ જળના સ્તર નીચે જઈ રહ્યા છે અને ફલોરાઈડનું પ્રમાણ તેમજ નાઈટ્રેટનું પ્રમાણ ઘણા બધા સેકટરોમાં વધુ જણાઈ રહ્યું છે. ગાંધીનગર શહેરમાં હાલ પેયજળનો પુરવઠો નર્મદાનું પાણી અને બોરનું પાણી મિશ્ર કરી આપવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## મીના બજાર વિસ્તારમાંથી વધુ ૪ કેસ ઝાડા-ઉલ્ટીના મળી આવ્યા

ગાંધીનગર, તા.૨૧

સચિવાલય સંકુલ નજીક આવેલ મીના બજાર વિસ્તારમાંથી આજે વધુ ૪ કેસ ઝાડા ઉલ્ટીના મળી આવતાં તંત્ર એ તેના સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવવાનો નિર્ણય કરેલ છે.

ગઈ કાલે મીના બજારની ઝૂંપડપટ્ટી વિસ્તારમાંથી સાત જેટલા કેસો ઝાડા ઉલ્ટીના નોંધાયા હતા. જેમાંથી ચાર દર્દીઓને સઘન સારવારી જરૂર જણાતાં ગાંધીનગર સિવીલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

આજે તંત્ર દ્વારા ત્યાં કરાયેલા સર્વેલન્સ દરમિયાન વધુ ૪ કેસ મળી આવતાં તંત્ર એ ત્યાં સર્વેલન્સ સઘન બનાવવાનો નિર્ણય કર્યો છે.

૨૦૦ જેટલી વ્યકિતઓની વસ્તી ધરાવતા આ ઝૂંપડપટ્ટી વિસ્તારના રહીશોને કલોરીનની ટીકડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ મળી આવેલ દર્દીઓને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે મળેલા દર્દીઓએ સાદા ઝાડાની ફરિયાદ કરી હતી. તંત્ર એ આસપાસના વિસ્તારોમાંથી પાણીના નમુના લઈ અને કલોરીનેશનના ટેસ્ટ પણ કર્યા હતા. મળતી વિગતો પ્રમાણે તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે અને ટૂંકમાં જ પરિસ્થિતિ પૂર્વવત થઈ જશે.














